અપીલ અરજી નં.૨૫૦ તા.૪–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૦–૦૮ ની અરજીથી સોની ફળીયા એનિબેસન્ટ રોડ હિન્દુમિલનની ડાબી બાજુએ આવેલી ગલી જે કાજીના મેદાન તરફ જવાની ગલીના નાકે ચાલતાં બાંધકામનું સર્વે નં.વોર્ડ નંબર તેમજ ચાલતાં બાંધકામના પ્લાન પાસ,ગેરકાયદેસર બાંધકામ બીલ્ટઅપ એરિયા, એલાઈમેન્ટ અને પાર્કીગના બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૦/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૦–૦૮ ની અરજીથી સોની ફળીયા એનિબેસન્ટ રોડ હિન્દુમિલનની ડાબી બાજુએ આવેલી ગલી જે કાજીના મેદાન તરફ જવાની ગલીના નાકે ચાલતાં બાંધકામનું સર્વે નં.વોર્ડ નંબર તેમજ ચાલતાં બાંધકામના પ્લાન પાસ ગેરકાયદેસર બાંધકામ બીલ્ટઅપ એરિયા, એલાઈમેન્ટ અને પાર્કીગના બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી મેળવવા બાબતે કરેલ અરજી અંગે મુદ્દા નં.૪ થી ૭ ની મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૭ તા.૧૦–૧૨–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને તથા નારાજગી અંગે અપીલના આધાર તથા વાજબીપણું જણાવવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૪ થી ૭ અંગે આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી અને ગોળગોળ જવાબ પાઠવી નામ અને કેટલીક માહિતી ખોટી આપેલ છે તેવી રજુ આત કરેલ છે. પરંતુ અરજદારે તે અંગે કોઈ વાજબીપણું કે આધાર પુરાવા રજુ કરેલ નથી. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી તેમના પત્ર નં. સે.ઝોન/૯૮૮ તા.૨૧–૧૧–૦૮ થી પૂરી પડાયેલ છે. જે અનુસાર મુદ્દા નં.૪ સદર મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ કેટલુ? તેની સામે મંજુર પ્લાન મુજબનું જણાવેલ છે પરંતુ વિગત આપેલ નથી. મુદ્દા નં.૫ માંગેલ બીલ્ટઅપ એરીયા ૧૫૭.૪૦ ચો.મી. ની માહિતી આપેલ છે. જે માંગ્યા મુજબ સુસંગત જણાય છે. મુદ્દા નં.૬ માં એલાઈમેન્ટની જગ્યાની અરજદારની પૃચ્છા અંગે જગ્યા છોડેલ હોવાનું જણાયેલ છે. તથા મુદ્દા નં.૭ અંગે પાર્કીગની જગ્યન છોડી છે ખરી? કેટલી તે અંગે જગ્યા છોડયાનું જણાયેલ છે. પરંતુ કેટલીની માહિતી અપાયેલ નથી. આમ તકરારી મુદ્દા પૈકી મુદ્દા નં.૪ અને ૭ માં આંકડાકીય વિગતો આપેલ નથી. બાકીની માહિતી પૂરી પાડેલ જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૩–૧૦–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં. ૪ અને ૭ અંગેની આંશિક માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)ગુલામ મેમણ,